ગાંધીનગર સમાચાર

તા. ૧૧-૯-૨૦૧૪, ગુરુવાર

## તંત્રી સ્થાનેથી....

### હવે તો ખમૈયા કરો મેઘરાજા

વહુ અને વરસાદને જશ નહીં. કહેવત કોણ જાણે કયાં જમાનાથી ચાલી આવે છે પણ કેટલી સાર્થક લાગી રહી છે! આષાઢ કોરો ધાકોર ગયો ત્યારે મેઘરાજાને વરસવા માટે પર્જન્ય યજ્ઞો કરાવા લાગ્યા હતા. ઠેર ઠેર રામધૂન ચાલુ થઈ હતી. સામાન્ય રીતે જે મોસમમાં મન મૂકીને વરસવું જોઈએ તે તો ચૂકી જવાઈ. મોડા મોડા ઊંઘમાંથી જાગ્યા હોય એમ મેઘરાજા મંડ્યા છે કે અટકવાનું નામ જ નથી લેતા. ગણપતિ ઉત્સવમાં શ્રીકાર વર્ષા થઈ, માતાજીના શ્રદ્ધાળુઓને નખશિખ ભીંજવી દીધા. હવે શ્રાદ્ધપર્વ દરમિયાન પણ મેઘરાજાની પધરામણી ચાલુ જ રહેવા પામી છે. ખેડૂત વર્ગ જેઠના પાછલા પખવાડિયામાં અને આષાઢ માસમાં વરસાદની આશા રાખે છે જેથી ખેતરમાં કરેલી વાવણી મહોરી ઊઠે. પરંતુ આ મેઘરાજા એવા અવળચંડા નીકળ્યા કે ખેડૂતની પહેલી વાવણી સુકાઈ ગઈ ત્યાં સુધી કયાંય ન ડોકાયા. હવે જયારે જરૂર નથી ત્યારે ધીબી રહ્યાં છે. જે થોડી ઘણી ચોમાસું ફસલની આશા હતી એના પર પાણી ફરી વળ્યું. અલબત્ત એના વરસવાથી આજે નહીં તો કાલે લાભ જ થવાનો છે. જળાશયો ભરાશે-ઉભરાશે. શિયાળુ ખેતી માટે આ વરસાદ ખૂબ આશીર્વાદરૂપ નીવડશે. પરંતુ છેલ્લા કેટલાય દિવસથી વિશેષ ભૌગોલિક 'સિસ્ટમ' સરજાતાં ગુજરાત આખું જળબંબાકાર બની રહ્યું છે. ઉત્તર ગુજરાતમાં હંમેશા વરસાદની તાણ રહ્યા કરતી હોય છે. આ વર્ષે તો દુકાળનાં ડાકલાં વાગવાની તૈયારી હતી ત્યાં એકાએક પરિસ્થિતિએ પલટો ખાધો અને બાકીના ગુજરાતની જેમ આખું ઉત્તર ગુજરાત જળ બંબાકાર બની રહ્યું છે. મધ્ય ગુજરાત-પંચમહાલ અને વડોદરામાં ઘોડાપૂર આવ્યાં છે. સામાન્ય સંજોગોમાં વડોદરાના રસાયણ ઉદ્યોગોની ગટરગંગા બની જતી વિશ્વામિત્રી બે કાંઠે વહેવા લાગી છે. મહીસાગર નર્મદાનું સ્વરૂપ ધારણ કરી રહી છે. વધુ વરસાદને કારણે અને વંટોળ-ચક્રવાતને કારણે ઈડર પંથકમાં ભારે નુકસાન થયું છે. સાબરકાંઠો જળસંકટથી ઝૂઝતો હતો, ત્યાં જયાં જુઓ ત્યાં પાણી જ પાણી છે. કુદરત વૈજ્ઞાનિક આગાહીઓને પણ ખોટી ઠેરવી દેતી હોય એવું નથી લાગતું? હવામાન ખાતાએ ચોમાસું નબળું જવાની આગાહી કરી હતી અને સરકારે અછતની પરિસ્થિતિ જાહેર કરવાની તૈયારી કરી હતી. એને ઠેકાણે અત્યારે રાજયનાં મહિલા મુખ્યમંત્રીને ભારે વરસાદને કારણે પેટાચૂંટણીની પૂર્વ નિર્ધારિત જાહેરસભાનો રદ કરવી પડી છે. અસરગ્રસ્તોને બચાવવા માટે અને સલામત સ્થળે ખસેડવાની વ્યવસ્થામાં તંત્રને જોતરાવું પડ્યું છે. જમ્મુ અને કાશ્મીરમાં આવેલા અભૂતપૂર્વ જળસંકટની સરખામણીમાં ગુજરાતમાં વરસાદે એવડું મોટું નુકશાન નથી કરી દીધું અને જાનહાનિ તો જવલ્લે જ જોવા મળી છે, પરંતુ ભારે વરસાદ પછી વાતાવરણમાં થનાર ફેરફારનો લીધે રોગચાળો ન ફાટી નીકળે એની પણ તકેદારી રાખવી જરૂરી છે. સૂર્યદેવતા ઘણા દિવસથી ઊંઘી ગયા છે, એથી મચ્છર અને જીવાત વધી ગયેલ છે. શરદી, ખાંસી, સળેખમથી લઈ વાઈરલ તાવ અને મેલેરિયા-ડેગન્યુ તથા ચેરી રોગો જોરમાં છે. ચોમાસું રોગોની ઋતુ ગણાય છે. ખાનપાનમાં પણ ખાસ કાળજી રાખવી જરૂરી છે. વરસાદ એ તો જીવનજળનો દાતા છે, પરંતુ અતિ હંમેશા દુર્ગતિ કરે છે. મેઘરાજાને વીનવીએ કે હવે ખમૈયા કરે. ગણપતિ બાપ્પાની જેમ મેઘરાજાને પણ કહીએ કે આપ હવે પાછા પધારો અને આવતા વર્ષે વેળાસર આવી જજો!



ભારત વિકાસ પરિષદ દ્વારા સેક્ટર ૭ પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં અભ્યાસ કરી રહેલ અને હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીનીઓ માટી 'સુજોક' પદ્ધતિથી કેવી રીતે તંદુરસ્ત રહી શકાય તે વિશેયક એક દિવસીય સેમીનાર યોજાઈ ગયો. કોરીયન વિજ્ઞાની પ્રોફેસર પાર્ક જેવું દ્વારા પ્રસ્થાપીત આ સંસ્થા 'ઈન્ટરનેશનલ સુજોક એસોશીએશન' ૧૯૯૩ થી વિદેશોમાં તેમજ ભારતભરમાં કાર્યરત છે. સેમીનારમાં રોજ-બરોજમાં લેવાતા ખારોકની તેમજ વર્ષ દરમિયાન કયા માસમાં કયા શાકભાજી કે ખાદ્યપદાર્થો આરોગી શકાય તે વિશેની વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. ડૉ. નિવૃત્તિ પંડ્યા (સુજોક નિષ્ણાંત) દ્વારા દશ્ય અને શ્રાવ્ય ટેકનીકથી હાજર વિદ્યાર્થીઓને આ વિષયક તેમજ એક્યુપ્રેશરથી કઈ રીતે દર્દો મટાડી શકાય તેની માહિતી આપવામાં આવી હતી. સુજોક એક આખા શરીરને ટ્રીટમેન્ટ આપવાની પદ્ધતિ છે. દવાઓથી જેટલું દૂર રહી શકાય અને તંદુરસ્ત જીવન જીવવા આ ઉત્તમ પદ્ધતિ છે, જેનાં માટે રૂટિનમાં લેવાતા આહાર પર વિશેષ ધ્યાન આપવું જોઈએ. તમે જેવા ખોરાક લો છો તેવા વિચારો પણ આવે છે. ખાસ કરી આજના ઝડપી યુગમાં બાળકોમાં વિવિધ ક્ષેત્રે હરિફાઈને આ પદ્ધતિ મુજબ સફળત્તમ સાબિત થઈ શકે છે તેમ ડૉ. રાજુલભાઈ પંડ્યા (સુજોક સંગઠનનના) વડાએ જણાવ્યું હતું. આ પ્રસંગે ભારત વિકાસ પ્રમુખ હેમંતભાઈ સુથાર સંયોજીકા મણીબેન દેસાઈ તેમજ અન્ય ટ્રસ્ટીઓ અને સીનીયર નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

### એસ.ડી. આર્ટ્સ એન્ડ બી.આર. કોમર્સ કોલેજ, માણસા ખાતે

## સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ૧૧ દિવસીય શિબિરમાં કોલેજની ૩૬૪ મહિલાઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું

ગાંધીનગર, તા. ૧૦

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં સહયોગથી માણસા ખાતે ૧૧ દિવસીય મહિલા સ્વબચાવ




પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવી હતી. એસ.ડી.આર્ટ્સ એન્ડ બી.આર. કોમર્સ કોલેજ ખાતે યોજાયેલી આ શિબિરમાં ૩૬૪ વિદ્યાર્થીનીઓએ સ્વબચાવનું પ્રશિક્ષણ લીધું હતું. કરાટે અકેડમીનાં નિષ્ણાત પ્રશિક્ષક શ્રી હનુભાઈ પરમાર તથા તેમની ટીમે વિદ્યાર્થીનીઓને કોલેજ સમય દરમ્યાન જુદી જુદી બેચમાં દરરોજ એક એક કલાક પ્રશિક્ષણ આપ્યું હતું.

આ શિબિરનો સમાપન સમારોહ તાજેતરમાં માણસા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એલ. બી. મોણપરા તથા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણાની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. જેમાં કોલેજનાં આચાર્યા શ્રીમતી હાસ્યદાબહેન પંડ્યા તથા પ્રાધ્યાપકગણ ઉપરાંત પી.એસ.આઈ. શ્રી જે. બી. વનાર પણ મંચ ઉપર ઉપસ્થિત રહેલ. સમાપન સમારોહનાં પ્રારંભમાં ૧૧ દિવસમાં જે કળા વિદ્યાર્થીનીઓ શીખી હતી તેનું રોમાંચક નિદર્શન કરવામાં આવ્યું હતું.

સમાપન સમારોહમાં આવકારતાં કોલેજનાં આચાર્યા શ્રીમતી હાસ્યદાબહેને કહ્યું હતું કે મહિલાઓએ ઘરમાં અને બહાર બધે જ સહન કરવાનું આવે છે. આવા સમયે જો સ્વબચાવની કળા આવડતી હોય તો અનેક સમસ્યાઓનો સામનો કરી પોતાનો બચાવ કરી શકે છે. કાર્યક્રમનાં મુખ્ય અતિથિ માણસાનાં પી.આઈ. શ્રી એલ. બી. મોણપરાએ પોતાના વક્તવ્યમાં સરકારશ્રી દ્વારા મહિલાઓને સશક્ત કરવાના કાર્યમાં વધુને વધુ મહિલાઓ જોડાય અને લાભ લે તેવો અનુરોધ કર્યો હતો. તેમણે વિદ્યાર્થીનીઓને આ કળા શીખીને સમય આવે નિડરતાથી તેનો ઉપયોગ કરવા પ્રેરણા આપી હતી. કરાટે અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થીનીઓને શક્તિશાળી બનવા પ્રેરણા આપી હતી. તેમણે દરેક શિબિરાર્થીનીઓને જે કળા શીખ્યા છે તેનો નિયમિત અભ્યાસ કરવા પ્રેરણા આપી સંકલ્પ લેવડાવ્યો હતો.

મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે શિબિરમાં ભાગ લેનાર વિદ્યાર્થીનીઓને વાડોકાઈ કરાટે-ડો અકેડમી દ્વારા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. શિબિરમાં ભાગ લેનાર વિદ્યાર્થીનીઓ પૈકી બે વિદ્યાર્થીનીઓએ શિબિર વિશે પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા.

## હરિની દૃષ્ટિ...




પપ્પા તમે છાશવારે ડીઝાસ્ટર મેનેજમેન્ટની મીટીંગમાં જાવ છો તો, એ કહો, કાશ્મીરમાં તમે હોવ તો શું એક્શન લો...?

### ઝડપી સાયકલ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર જિલ્લા સાયકલીંગ એસોસિએશન દ્વારા જિલ્લાકક્ષાની ઝડપી સાયકલીંગ સ્પર્ધા યોજવામાં આવશે. સ્પર્ધા તા. ૧૪ સપ્ટેમ્બર, રવિવાર સવારે ૬.૩૦ કલાકે સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતેથી સ્પર્ધાનો શુભારંભ થશે. સ્પર્ધામાં ૧૪ વર્ષથી મોટી ઉંમરના સ્પર્ધકો ભાગ લઈ શકશે. અને સ્પર્ધાનું રજીસ્ટ્રેશન ઉપરોક્ત તારીખે સ્થળ પર કરવામાં આવશે. ભાગ લેવા ઈચ્છુક સ્પર્ધકોએ સમયસર સ્થળ પર ઉપસ્થિત રહેવા એસોસિએશનના પ્રમુખ કિશોરભાઈએ જણાવ્યું છે.

### ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો

ડભોડા એમ.એચ. વિદ્યામંદિરમાં ગુરૂવંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાળકો દ્વારા શાળાના શિક્ષકોનું તેમજ નિવૃત્ત શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષકોએ વિદ્યાર્થીઓને જીવનમાં સંસ્કાર અને શિસ્ત, વિવેકનું મહત્વ સમજાવી આશીર્વાદ આપ્યા હતા.

### ઓઝોન દિવસ નિમિત્તે સ્પર્ધાઓ યોજાશે

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી) અને રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા આંતરરાષ્ટ્રીય ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવશે. ૧૬મી સપ્ટેમ્બર ઓઝોન દિવસને અનુલક્ષીને સંસ્થા દ્વારા ઓઝોન લેયર પ્રોટેક્શન ધ મિશન ગોસ ઓન. થીમ પર સ્પર્ધા યોજવામાં આવશે. સ્પર્ધા ટી.આર.ઓ. ભવનના કોન્ફરન્સ હોલ, જૈન દેરાસરની બાજુમાં, સેક્ટર-૩૦ ખાતે યોજાશે. જેમાં પર્યાવરણ વિષય પર ચર્ચા, પ્રશ્નોત્તરી, ચિત્ર અને સ્લોગન પર સ્પર્ધા યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે તા. ૧૨ સપ્ટેમ્બર સુધી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. રાષ્ટ્રીય રબર પોલિસી માટે બનાવવામાં આવેલી સમિતિનાં અધ્યક્ષ કોણ છે?
➜ **રજની રંજન રશ્મી**
૨. ૨૦૧૪માં કયા રાજયની વિધાન સભામાં સર્વશ્રેષ્ઠ ટેકનોલોજી ધરાવતી ડિઝીટીલ કોંગ્રેસ નેટવર્ક સિસ્ટમ લગાવવામાં આવી છે ?
➜ **રાજસ્થાન**
૩. અરૂપ રાહા વાયુદળના કેટલામાં વડા બન્યા?
➜ **૨૪**
૪. ૨૦૧૪માં એશિયાઈ વિકાસ બેંકના અધ્યક્ષ સ્થાને કઈ ભારતીય મહિલાને નિમણૂંક કરવામાં આવી છે?
➜ **લક્ષ્મી સ્વામિનાથન**
૫. ૨૦૧૪માં દેશના કયા રાજયમાં પ્રસિદ્ધ મરુમહોત્સવ યોજાયો હતો?
➜ **રાજસ્થાન**
૬. ૨૦૧૪માં મુંબઈમાં કયો ફિલ્મ મહોત્સવ ઉજવાયો ?
➜ **મુંબઇ વુમન્સ ઇન્ટરનેશનલ ફિલ્મ મહોત્સવ**
૭. ૨૦૧૪માં મુંબઈ વુમન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ મહોત્સવ કોના દ્વારા આયોજીત થયો હતો ?
➜ **ઓક્યુલસ ક્રિએશન અને મહારાષ્ટ્ર પર્યટન વિકાસ નિગમનાં સહયોગથી**
૮. ૨૦૧૪માં મુંબઈ વુમન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ મહોત્સવમાં કોને સન્માનિત કરવામાં આવ્યા હતા ?
➜ **નૃત્ય નિર્દેશક સરોજખાન**
૯. ૨૦૧૪માં નૃત્ય નિર્દેશક સરોજખાનને કયો પુરસ્કાર આપવામાં આવ્યો હતો ?
➜ **ફાતિમા બેગમ પુરસ્કાર**
૧૦. ઝલક દિખલા ઝા - સિઝન-૬માં કેટલા કલાકાર હસ્તીઓએ ભાગ લીધો હતો ?
➜ **૧૨**
૧૧. ભારત નિર્માણ જનસૂચના અભિયાનનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?
➜ **ઇરાઇક્કલ (તામિલનાડુ)**
૧૨. ભારત નિર્માણ જનસૂચનાનું કેટલામું અભિયાન યોજવામાં આવ્યું હતું ?
➜ **૪૭મું**
૧૩. તામિલનાડુ ખાતે આયોજિત ભારત નિર્માણ જનસૂચના અભિયાનનું ઉદ્‌ઘાટન કોને કર્યું હતું ?
➜ **રાજયમંત્રી નારાણય સામી (યુપીએ સરકાર)**
૧૪. ૨૦૧૩માં કેન્દ્ર સરકારે ભારતના કયા રાજયોને પર્યટન વિકાસ પરિયોજનાઓ માટે નાણાકીય સહાયતા આપવામાં આવી છે ?
➜ **અરૂણાચલ પ્રદેશ, સિક્કિમ, નાગાલેન્ડ**
૧૫. ૧૨મી પંચવર્ષીય યોજનામાં ટેકનિકલ ટેક્સટાઈલ ક્ષેત્ર માટે કેટલા કરોડનો વધારો કરવામાં આવ્યો છે ?
➜ **૭૦૦ કરોડ**
૧૬. મુઝફ્ફરનગર હિંસાની તપાસ માટે કઈ સમિતિની રચના કરવામાં આવી છે ?
➜ **વિષ્ણુ સહાય સમિતિ**
૧૭. ૨૦૧૪માં ઉત્તરપ્રદેશમાં કયા સ્થળે વાઘ અભ્યારણ્ય બનાવવાની મંજુરી મળી છે ?
➜ **પીલીભીત ખાતે**
૧૮. ૨૦૧૩-૧૪માં દેશની પ્રથમ મહિલા બેંકની શરૂઆતમાં કેટલા અધિકારીઓની ભરતી કરવામાં આવશે ?
➜ **૧૧૫**
૧૯. ૨૦૧૩-૧૪ના બજેટમાં ભારતીય મહિલા બેંક ખોલવા માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **૧૦૦૦ કરોડ**
૨૦. ૨૦૧૪માં સચિન તેંડુલકરની સાથે કયા વૈજ્ઞાનિકની ભારત રત્ન પુરસ્કાર માટે પસંદગી આપવામાં આવ્યો હતો ?
➜ **પ્રો. ચિંતામણી નાગેશ રામચંદ્ર રાવ**

# સારે કે સારે ગામા કો લેકર ગાતે ચલે... ડ્યુએટ અને કોરસ ગીતોની ધમાલ...

## આવો ભીંજાઈએ... સંસ્કૃતિ સંસ્થાના કાર્યક્રમમાં ભારતીય હિન્દી ફિલ્મી 'ગોલ્ડન યેરા'ના સુપરડુપર ગીતોની ધડધબાટી : 'રીમઝીમ બરસે સૂરમાં' આનલ વસાવડા 'મોરની બાગામાં બોલે આધી રાતમાં', 'નિગાહેં મિલાનેણે જી ચાહતા હૈ' અને 'મન કયુ બહેકા રે બહેકા આધી રાત કો' ની સૂરીલી રજૂઆત સાથે છવાઈ ગઈ



### ઉઘડતે પડદે

—સંજય થોરાત

hellogandhinagar@gmail.com

હિન્દી ફિલ્મી ગોતના રસિયાઓને યુગલ ગીતોનો ટેસ્ટ ખબર જ હશે. રફી-લતા, રફી-આશા, કિશોર-લતા, મુકેશ-લતા, કિશોર-આશા, મન્નાડે, હેમંતકુમાર, તલત મહેમૂદ, શૈલેન્દ્ર, મહેન્દ્ર કપૂર, યેસુદાસ, સુરેશ વાડેકર... કોઈ પણ ગાયકની જોડી પકડો અને એમનાં યુગલ ગીતો સાંભળો એટલે એમાંથી 'રીમઝીમ બરસે સૂર...' નો આસ્વાદ મળે... 'મેરે દિલ મેં હૈ એક બાત કહે દો તો ભલા કયા હૈ...', 'તુમ્હેં યાદ હોંગા કભી હમ મિલે થે....', 'તેરે સૂર ઔર મેરે ગીત, દોનો મિલકર બનેંગી પ્રિત...' સમજોને એક એકથી ચઢિયાતા મેલોડિયસ ગીતો ગૂંજતા થઈ જાય...



ગાંધીનગર એટલે સંસ્કૃતિ નગરી અને એમાં 'સંસ્કૃતિ' સંસ્થા હજીતો પા...પા... પગલી ભરે છે અને છતાંય ડ્યુએટ અને કોરસ ગીતોનો રસથાળ એમણે એમની ધમાકેદાર એન્ટ્રી કરી છે. કેપિટલ ઓફસેટના રમેશ પટેલ સંસ્થાના પ્રમુખ છે અને એમણે વરસતા વરસાદના ભીના વાતાવરણમાં 'આવો ભીંજાઈએ...' ગીતોના વરસાદમાં કહી સૌને આવકાર્યા... શ્રોતાઓને એમ્બેસેડર બનવાની અપીલ કરતાં મંત્રી મનોજ શુક્લાએ એમની લાક્ષણિક અદામાં કહ્યું કે, 'શિવલિંગ પર એક બાદ એક સૌ બિલિપત્ર ચઢાવે એટલે પછીથી આવનારો પણ બિલિપત્ર ચઢાવે જ છે, એમ અમે 'સંસ્કૃતિ'નું બિલિપત્ર ચઢાવવાં આવ્યા છીએ. બાળક એક વર્ષ સુધી આંગળી પકડીને ચાલે અને પછી ઉંબરો ઓળંગી સડસડાટ દોડે...' ની વાત સાથે શ્રોતાઓને આકર્ષી લીધાં...

'અલ્લાહ તેરો નામ, ઈશ્વર તેરો નામ, સબકો સન્મતિ દે ભગવાન' ૧૯૬૧માં આવેલી 'હમ દોંનો' ફિલિમનું લતા-આશાનું ડ્યુએટથી ભક્તિમય વાતાવરણમાં કાર્યક્રમની શરૂઆત થઈ... 'પારસમણિ' ફિલ્મનું લતા-રફીનું 'વો જબ યાદ આયે બહોત યાદ આયે' ગીત ખુબ જ સરસ રહ્યું... એસ.ડી. બર્મનનાં સંગીતનું 'ગાઈડ'નું એવરગ્રીન ગીત 'પિયા તોસે નૈના લાગે રે, નૈના લાગે રે, જાને કયા હો અબ આગે રે...' ગીત આનલ વસાવડાએ મસ્તીથી ગાયુ... આ ઓરિજીનલ ગીતનું રેકોર્ડીંગ ચાલતું હતું ત્યારે સતુર વાદક શિવકુમાર શર્મા ત્યાં હાજર હતાં અને એમને તબલાથી નારાજગી જતાવી જાતે તબલાં વગાડ્યં અને એજ રેકોર્ડીંગમાં પણ આવ્યા જેવી ઓફબીટ વાત સાચે મંચ સંચાલન કરતાં સમ્રાટ અશોક દવેએ એમની હાજરીની નોંધ લેવડાવી...

'આપકી કસમનું' કિશોર-લતાનું 'જય જય શિવશંકર, કાંટા લાગે ના કંકર' ગીતમાં ઢોલ, તબલાં, ડ્રમ પ્લેયર્સે રંગ રાખ્યો તો વોઈસ ઓફ કિશોર નિરજ પાઠકે કિશોરનું હુલ્લડ મચાવ્યું... 'કયાં કહું છું કે હક આપો, બસ અમને એકાદી તક આપો' સાથે સમ્રાટ દવેએ નવોદિત ગાયક રાજેશ નાયરને તક આપી અને એણે 'તાજમહલ'નું લતા-રફીનું 'જો વાદા કિયા વો નિભાના પડેગા' ગીત સાથે વન્સમોરની તાળીઓ પડાવી... 'બહારોં કે સપનેં'નું મન્નાડે-લતાનું 'ચુનરી સંભાલ ગોરી ઉડી ચલી જાયે રે...' એના સંગીત અને ઓરકેષ્ટ્રાથી ધમાલ મચાવી ગયું...

'લતા-આશા'નું લક્ષ્મીકાંત-પ્યારેલાલનાં સંગીતનું 'પારસમણિ' ફિલ્મનું એવરગ્રીન ડ્યુએટ 'હસંતા હુઆ નુરાની ચહેરા, કાલી ઝુલ્ફે રંગ સુનહેરા, તેરી જવાની તોબા તોબા યે, દિલરૂબા હાય દિલરૂબા' ગીત આનલ-નયના શર્માએ જબરદસ્ત ગાયું... 'મધુમતિ' ફિલ્મનું 'સલિલ ચૌધરી'નું સંગીતબદ્ધ લતા-મન્નાડેનું ગીત 'ધૈયા રે ધૈયા રે ચઢ ગયો પાપી બિછુડા,' શિવ-હરિના સંગીતનું 'લમ્હે' ફિલ્મનું 'મોરની બાગામાં બોલે આધી રાતમાં, છનન છનન ચૂડિયાં ખનક ગઈ દેખ સાયબા, ચૂડિયાં ખનક ગઈ હાથમાં' ગીત ઈલા અરૂણ-લતા એમ ડબલ વોઈસમાં આનલ વસાવડાએ ગાઈને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા એમાય અવાજનો એકદમ પલટો મારી અવાજ બદલવાની અદા પર તો શ્રોતા આફરીન પોકારી ગયા, આ ગીત કાર્યક્રમનું શ્રેષ્ઠ ગીત બની રહ્યું...

આર.ડી. બર્મન - ગુલઝારના કોમ્બિનેશનનું 'પરિચય' ફિલ્મનું 'સારે કે સારે ગામા કો લેકર ગાતે ચલે, પાપા નહીં હે થાની સી દીદી, દીદી કે સાથ હે સારે' આ કોરસ ગીત ભાગ્યે જ કોઈ કાર્યક્રમમાં સંભળાય છે, એની પસંદગીને દાદ દેવી રહી... એસ.ડી. બર્મનનું 'જુનલી રાતમાં, ધરતી પર હે આસમાં, કોઈ રે બનકે ચાંદની ઉતરે મનકા આંગના, ચંદા રે તુ જાને ના જા...' 'આંધી'નું 'ઈસ મોડ પે જાતે હે,' આર.ડી. બર્મન 'તિસરી મંઝીલ'નુ 'આજા આજા મૈં હુ પ્યાર તૈરા, અલ્લાહ, અલ્લાહ ઈન્કાર તૈરા,' બધી જ રચના જોરદાર એમાંય 'આજા આજા' માટે તો વન્સમોરની તાળીઓને રિઝવવા ડ્રમિસ્ટ્રે એક ટૂકડો મ્યુઝિશિયન સાથે વગાડી રંગ રાખ્યો...

રાજકપૂર લોકગીતોને ફિલ્મોમાં સહજ સમાવતાં એ પૈકી 'શંકર જયકિશનનું' 'ચલત મુસાફીર મોહ લીયા રે પિંજડે વાલી મુનિયા' ચલતીના ઠેકામાં જામી ગયું... 'નવરંગ'નું 'તૂં છૂપી હે કહાં મેં તપડતાં યહાં, તેરે બિન ફિકા ફિકા હે દિલ કા જહાં' વ્હી-શાંતારામ અને સી. રામચંદ્રની કમાલનું બેજોડ ગીત મનલોભાવન બની રહ્યું... 'સરગમ' નું 'લતા-રફી'નું 'ડફલી વાલે ડફલી બજા, મેરે ઘુઘરું બુલાતે હૈ આ મેં નાચું તું નચા' આમાં પણ ઓરકેસ્ટ્રાના ડ્રમ પ્લેયરનો સિંહફાળો રહ્યો...

'રીમઝીમ બસે સૂર' માટે વરસાદી ગીતની ઝલક આપવા 'આયા સાવન ઝૂમ કે, બદરા છાયે કે ઝુલે પડ ગયે કે મચ ગઈ ધૂમ રે' એમાંય કોરસની કમાલ કામ કરી ગઈ... વેસ્ટર્ન ઈસ્ટ્રુમેન્ટ સાથે એન્ટ્રી કરનારાં આર.ડી. બર્મનએ ફિલ્મી સંગીતમાં કંઈક નવું કરનારા ટ્રેન્ડ સેંટર બની રહ્યાં એમનું 'હરે રામા, હરે ક્રિષ્ના' નું આશા ભોંસલેએ ગાયેલું એ સુપર ગીત 'દર મારો દમ મિટ જાયે ગમ, બોલો સુબહ શાહ, હરે ક્રિષ્ના હરે રામ...' જામી ગયું.

'ઉત્સવ' ફિલ્મનું 'મન કયું બહેકા રે બહેકા આધી રાત કો, બેલા મહેંકા રે મહેંકા આધી રાથ કો...' લતા-આશાનું ગોલ્ડન યેરાનું ગીત ગુનગુનાવતા રહીએ એવું રહ્યું... 'હમ કીસી સે કમ નહીં' ની કવ્વાલી 'હે અગર દુશ્મન જમાના ગમ નહીં, કોઈ આયે, હમ કીસી સે કમ નહીં' કોરસ-ઢોલક મસ્ત રહ્યાં... રોશન-સાહિર લુધયાન્વીની એવરગ્રીન રચના 'નિગાહેં મિલાને કે જી ચાહતા હૈ' અદ્‌ભૂત રજૂઆત બની રહી... કિશોરની યુડેલી વાળું કયારેક સ્ટેજ પર ના ગવાયેલું ગીત 'કલ કયા હોગા કિસ કો પતા, અભિ જિંદગી કા લે લો મજા' માણવા જેવું રહ્યું...

૧૯૭૨માં આવેલી 'બોબી' ફિલ્મનું શૈલેન્દ્રસિંહ - લતાનું ડ્યુએટ 'જુઠ બોલે કૌઆ કાટે, કાલે કૌએ સે ડરિયો મેં મૈકે ચલી જાઉંગી તુમ દેખતે રહીઓ' અને કાર્યક્રમનું અંતિમ ગીત 'ઉપકાર'નું મહેન્દ્ર કપૂર-લતા અને કોરસમાં 'મેરે દેશકી ધરતી સોના ઉગલે, ઉગલે હીરે મોતી'ની દમદાર રજૂઆત અને તાળીઓના ગડદડાટ સાથે કાર્યક્રમ પર પડદો પડી ગયો...

કાર્યક્રમનાં ગાયકોમાં આનલ વસાવડા, નયના શર્મા, ચિરાગ દેસાઈ, નિરજ પાંઠક અને રાજેશ નાયકને પુરા માર્કસ આપવા આડે. કોરસમાં બ્રિજેશ રાજ, વિરલ બ્રહ્મભટ્ટ, નીકિતા જોષીપુરા અને અંકિતાની મહેનત રંગ લાવી. સંગીત સંચાલન રીકિન દાસ સમતોલ, તબલા-બિપીનભાઈ, બોંગો - ઢોલક - નિતેશ દેસાઈ, ઓકટોપેટ - આલોક, ડ્રમ-સત્યમ એટલે કે રિધમ ટીમ જોરમાં, કિબોર્ટ - ડેની, ગિટાર - મયંક પુરા સપોર્ટીવ.. તબલાવાદક ઈંગ્લેન્ડની પીચ પર ભારતીય બેટ્સમેન સંઘર્ષ કરતાં હતા એમ સારાં ગાયકો અને ગીત વચ્ચે સંઘર્ષ કરતો લાગ્યો... શ્રોતાઓ કરતાં સાઉન્ડ સિસ્ટમે વધુ સિટીઓ વગાડી, સાઉન્ડ હમિંગ વોઈસ કંટ્રોમાં ગાયકોએ પેશન રાખી પરફોર્મન્સ આપ્યું...

કાર્યક્રમનાં ગુજરાત સમાચારના કટાર લેખક અશોક દવેની હાજરીમાં એમનાં સુપુત્ર સમ્રાટે શેર-શાયરી-રમૂજ સાથે રસપ્રદ ફિલ્મી માહિતી પિરસી કાર્યક્રમ માણવા જેવો બનાવી રાખ્યો... નવાં ગાયકો વાદકોને સાચવીને આનલ વસાવડાએ મસ્ત પરફોર્મન્સ આપ્યું... ડ્યુએટ અને કોરસ ગીતોનો 'સંસ્કૃતિ'નો અખતરો સુપરડુપર સફળ રહ્યો... કાર્યક્રમથી ખુશખુશાલ શ્રોતાઓના ચહેરા જોઈ 'હંસતા હુઆ નુરાની ચહેરા' ગીતનું મુખડું યાદ આવી ગયું.